વાપી મહાનગરપાલિકા - વાપી

તા-વાપી, જી-વલસાડ

<u>સામાન્ય સભા</u>

જા.નં. વાપી મનપા/સેક્રે./વશી/૨૪/૨૦૨૬-૨૭ તા. ૨૩/૦૭/૨૦૨૬

પ્રતિ,

.....

સભ્યશ્રી(તમામ), વાપી મહાનગરપાલિકા

<u>વિષય:- મહાનગરપાલિકા વાપીની સામાન્ય(સાધારણ)સભાની બેઠક બોલાવવા બાબત</u>

સવિનય જણાવવાનુ કે વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની મિટિંગ તા.૩૧/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ વાપી મહાનગરપાલિકા હસ્તકના પદ્મભૂષણ શ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડીટોરીયમ ખાતે નીચેના કામોના નિકાલ માટે મળશે. જેમાં આપે સમયસર હાજર રહેવા વિનંતી.

અ.નં. કામનું નામ

1. ગત તા.૩૦/૦૬/૨૦૨૬ના રોજની સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.
2. વાપી મહાનગરપાલિકાની તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિને બહાલી આપવા બાબત.
3. વાપી મહાનગરપાલિકાની તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિને બહાલી આપવા બાબત
4. તા.૨૩/૦૭/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૪૫૭(૨) અન્વયે કોર્પોરેશન અને સમિતિના સભા સંચાલનના નિયમો "મહાનગરપાલિકા અને સ્થાયી સમિતિની સભાઓની કાર્યવાહી અંગેના નિયમો-૨૦૨૬" ને બહાલી આપવા બાબત.
5. તા.૨૩/૦૭/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૪૫૭(૨) અન્વયે કોર્પોરેશનની ખાસ સમિતિના સભા સંચાલનના નિયમો "મહાનગરપાલિકાની ખાસ સમિતિની સભાઓની કાર્યવાહી અંગેના નિયમો-૨૦૨૬" ને બહાલી આપવા બાબત.
6. તા.૨૩/૦૭/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૧૯ ક.(A) અન્વયે કોર્પોરેશનના સદસ્યોના માનદ વેતન અને ભથ્થાઓની મહત્તમ નાણાકીય મર્યાદા નક્કી કરવા તથા તે અંગેના નિયમો ને બહાલી આપવા બાબત.

D.R. Patel

(દક્ષાબેન રાજેશભાઈ પટેલ)

મેયર

વાપી મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના:-

૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું